# Day to Day Current Affairs

## 1. Feb 2016

### ૧. ઓસ્ટ્રેલિયન ઓપન – ટેનિસ :

- વર્ષ 2016ની પ્રથમ ગ્રાન્ડ સ્લેમ ઓસ્ટ્રેલિયન ઓપનના વિજેતા.
- મહિલા ડબલ્સ :
- ભારતની સ્ટાર ખેલાડી સાનિયા મિર્ઝા અને સ્વિત્ઝર્લેન્ડની માર્ટીના હિંગીસની જોડીએ ઓસ્ટ્રેલિયન ઓપન મહિલા ડબલ્સનો ખિતાબ જિત્યો.
- આ સાથે આ જોડીએ સતત ત્રીજુ ગ્રાન્ડ સ્લેમ અને સળંગ 36મી જીત નોંધાવી.
- ફાઈનલમાં આ ઈન્ડો – સ્વીસ જોડીએ ચેક ગણરાજ્યની આન્દ્રિયા લાવાકોવા અને લ્યુસી રડેકાની જોડીને હરાવી.
- ઓસ્ટ્રેલિયન ઓપન જીતવાની સાથે જ સાનિયા મિર્ઝાએ કુલ છ ગ્રાન્ડસ્લેમ જીતવાની સિધ્ધી હાંસલ કરી જેમા ત્રણ મહિલા ડબલ્સ અને ત્રણ મિકસ ડબલ્સ ટાઈટલ છે.
- પુરુષ સિંગલ્સ :
- સર્બિયાના ટેનિસ સ્ટાર અને વર્લ્ડ નંબર વન નોવાક જોકોવિચે બ્રિટનના એન્ડિ મરેને હરાવી કારકીર્દિનુ 11 મું અને છઠ્ઠુ ઓસ્ટ્રેલિયન ઓપન ટાઇટલ જીત્યુ.
- મહિલા સિંગલ્સ :
- જર્મનીની એંજેલિક કાર્બેરે વર્લ્ડ નંબર વન યુએસની સેરેના વિલિયમ્સને હરાવી કારકીર્દિનુ પ્રથમ ગ્રાન્ડ સ્લેમ જીત્યુ.
- આ જીત સાથે કાર્બેર વર્લ્ડ રેન્કિંગમાં બીજા સ્થાને પહોંચી ગઈ હતી.

### ૨. ભારત ઓસ્ટ્રેલિયા T – 20 શ્રેણી :

- ઓસ્ટ્રેલિયા ખાતે ભારત ઓસ્ટ્રેલિયા વચ્ચે યોજાયેલ ત્રણ મેચની T- 20 શ્રેણીમાં ભારતે 3-0 થી શ્રેણી જીતી લીધી.
- આ સાથે 140 વર્ષના ઈતિહાસમાં ઓસ્ટ્રેલિયાને તેની જ ધરતી પર વ્હાવોટ – વોશ કરનાર ભારત પ્રથમ દેશ બની ગયો છે.
- આ ઐતિહાસીક જીત સાથે ભારત વર્લ્ડ ટી-20 માં પ્રથમ ક્રમે આવી ગયું.
- ભારત ટી-20 ટીમ કેપ્ટન : મહેન્દ્રસિંહ ધોની.

### 3. પરમાણુ શસ્ત્રીકરણ માટે ભારત સામે આંતરરાષ્ટ્રીય કોર્ટમાં કેસ :

- પ્રશાંત મહાસાગરમાં આવેલા નાનકડા ટાપુ દેશ માર્શલે ભારત, પાકિસ્તાન અને બ્રિટન વોરુધ્ધ આંતરરાષ્ટ્રીય કોર્ટમાં પરમાણુ શસ્ત્રીકરણ માટે કેસ કર્યો છે.
- પરમાણુ શસ્ત્રોની સંખ્યા વધતી રહે અને વિશ્વ માટે ખતરો બને એ ખતરાને ટાળવા માર્શલ આઈલેન્ડે આ કેસ કર્યો છે.
- માર્શલ આઈલેન્ડે આ ત્રણ દેશ સહીત કુલ નવ દેશ પર કેસ કર્યો હતો પરંતુ કોર્ટને આ ત્રણ દેશ સિવાયના દેશ સામે કેસ ચલાવવાનું યોગ્ય ન લાગતા તેમના નામ રદ કર્યા.
- ભારત સહિત આ ત્રણ દેશ સામે આગામી 7 થી 16 માર્ચ દરમિયાન કેસ ચાલશે.
- વિશ્વના વિવિધ દેશો વચ્ચે પણ કેસ થતા હોય છે. તેનો ઉકેલ મેળવવા માટે 1945માં નેધરલેન્ડના હેગ શહેરમાં ઈન્ટરનેશનલ કોર્ટ ઓફ જસ્ટિસની સ્થાપના કરવામાં આવી.

#### પ્રશ્નો

૧. ઓસ્ટ્રેલિયન ઓપન મહિલા ડબલ્સ વિજેતા ? – સાનિયા મિર્ઝા – માર્ટિના હિંગીસ

૨. ઓસ્ટ્રેલિયન ઓપન મહિલા ડબલ્સ રનર્સ અપ ? – આન્દ્રિયા લાવાકોવા – લ્યૂસી રડેકા.

૩. ઓસ્ટ્રેલિયન ઓપન પુરુષ સિંગલ્સ વિજેતા ? – નોવાક જોકોવિચ, સર્બિયા

૪. ઓસ્ટ્રેલિયન ઓપન પુરુષ સિંગલ્સ રનર્સ અપ ? – એન્ડી મરે, બ્રિટન

૫. ઓસ્ટ્રેલિયન ઓપન મહિલા સિંગલ્સ વિજેતા ? – એન્જેલિક કાર્બેર, જર્મની

૬. ઓસ્ટ્રેલિયન ઓપન મહિલા સિંગલ્સ રનર્સ અપ ? – સેરેના વિલિયમ્સ, યુએસ.

Vivekanand Academy, Gandhinagar